## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બાબાજી કહે છે કે... રામનાં નામવાળા સંતોને ભલે ગુનેગાર સાબિત કરી પૂરી દીધા..., પરંતુ જે ઓરીજનલ રામ હતાં તેનું નામ લેવાનું તમારે ચાલુ જ રાખવાનું છે.

# સે. ૮માં સટ્ટા પ્રકરણમાં ગૃહમંત્રીએ ખુલાસો માંગ્યો

### સવા દસ લાખ કેશ સાથે પકડાયેલો આરોપી કોની 'બુક' ચલાવતો હતો અને તેના 'આકા'ઓ કોણ છે ? પોલીસ બે મહિના થવા આવ્યા છતાં શોધી શકી નથી : શંકાસ્પદ તપાસને પગલે ગૃહવિભાગે ખુલાસો માંગ્યો

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સેક્ટર-૮માં એક મકાનમાંથી પોલીસે સવા દસ લાખ કેશ સાથે ક્રિકેટમેચ ઉપર સટ્ટો રમાડતા એક શખ્સને દબોચી લીધો હતો. આ કેસને બે મહિના થવા આવ્યા પરંતુ હજુ સુધી આ કેસની તપાસ કરતી પોલીસ તેના આકાઓ સુધી પહોંચી શકી નથી. દસ જેટલા સીમકાર્ડ તેની પાસેથી મળ્યા હતા પરંતુ હજુ પોલીસ કોલ ડીટેઈલ્સનો જ અભ્યાસ કરી રહી છે. આ શખ્સ કોની 'બુક' ચલાવતો હતો અને તેના ઉપર કોના ચાર હાથ છે ? તે સહિત તેની પાસેથી કોણ સટ્ટો લેતુ હતુ તેવી કોઈ જ વિગતો પોલીસ બહાર કાઢી શકી નથી. આ સટ્ટાઓ મોટા અને જાણીતા માથાઓની સંડોવણી હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. ત્યારે આ સમગ્ર સટ્ટા પ્રકરણમાં પોલીસ તપાસ કેમ આગળ વધતી નથી તે સહિતની બાબતો અંગે ગૃહમંત્રીએ પોલીસ વડા પાસેથી ખુલાસો માંગ્યો હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યુ છે.

પ્રાપ્ત વિગત મુજબ પકડાયેલો સટ્ટોડીયો લાઈવ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડી રહ્યો હતો તે કોની 'બુક' હતી અને તેની પાસેથી કોણ કોણ સટ્ટો રમતુ હતુ તે સહિતની કોઈ જ વિગતો પોલીસ હજુ સુધી ઈન્વેસ્ટીગેશન દરમ્યાન બહાર કાઢી શકી નથી. પકડાયેલો સટ્ટોડીયો તો માત્ર 'પ્યાદુ' હોવાની ચર્ચા છે. શહેરના જ કેટલાક અગ્રણીઓ આ સટ્ટા કેસમાં સંડોવાયેલા હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે પોલીસ પણ આ મોટા માથાઓને કોઈ કારણોસર છાવરી રહી છે. આ કેસમાં કોના કોના નિવેદનો લેવાયા છે તે બાબતો પણ પોલીસ કોઈ ચોક્કસ કારણોસર બહાર પાડી રહી નથી. આ કેસમાં તપાસ કેટલે પહોંચી તે પ્રશ્નના જવાબમાં હજુ કોલ ડીટેઈલ્સની ચકાસણી ચાલી રહી હોવાનું પોલીસ રટણ કરી રહી છે. બે મહિના થવા આવ્યા છતાં તપાસ આગળ ન વધતા આ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈને ગૃહ વિભાગમાંથી પોલીસવડા પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે.

### ગાંધીનગર એક્રિડિટેડ પ્રેસ કલબ દ્વારા

## વિધાનસભામાં પત્રકારો-ધારાસભ્યો માટે મેડીકલ ચેક-અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ કલબ દ્વારા આજે વિધાનસભા સંકુલમાં પત્રકાર મિત્રો, ધારાસભ્યો તથા વિધાનસભા સંકુલમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે ફ્રી મેડીકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિધાનસભા અધ્યક્ષ શ્રી જયદ્રથસિંહ પરમાર, દંડક શ્રી પંકજભાઇ દેસાઇ અને માહિતી નિયામક શ્રી નલિનભાઇ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર એક્રેડિટેડ પ્રેસ કલબના પ્રમુખ શ્રી અનિરુદ્ધસિંહ ઝાલા, ઉપપ્રમુખ શ્રી પંકજભાઇ આહિર, કારોબારી અધ્યક્ષ શ્રી જતિનભાઇ શુક્લ અને ખજાનચી



શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ મંગલ દીપ પ્રગટાવીને આ કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, પત્રકારોનું સ્વાસ્થ્ય સારું રહે એ અત્યંત જરૂરી છે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, આરોગ્ય રાજ્યમંત્રી શ્રી કિશોરભાઇ 'કુમાર' કાનાણી, મંત્રી શ્રી અશ્વિનભાઇ વ્યાસે આ મેડીકલ ચેક-અપ કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

જાણીતા તબીબ ડૉ.અનિલ ચૌહાણ, ડૉ.પરેશભાઇ વોરા, આયુર્વેદિક ડૉક્ટર રાકેશ ભટ્ટ સહિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોના નિષ્ણાત–તબીબોએ ૪૭૦ જેટલા પત્રકારો, ધારાસભ્યો, કર્મચારીઓના સ્વાસ્થ્યની વિસ્તૃત તપાસ કરી હતી.

# લાઈફમાં રીસ્ક ન લેવુ એ જ મોટુ રીસ્ક છે : અરૂણિમા સિંઘ

### કઠીન કાર્ય કરવાની પ્રેરણા આલોચકો પાસેથી જ મળી છે : પથારીવસ અરૂણિમાને છાપાના એક સમાચારે પર્વતારોહણ બનવાની હુંફ આપી હતી : અરૂણિમા આગામી ડિસેમ્બરમાં એન્ટાન્ટીકાના માઉન્ટ વિલ્સન શિખરની યાત્રાએ જશે

**(ખાસ મુલાકાત - દર્શન મારુ)** ગાંધીનગર, તા. ૨૦

'જીવનમાં પોતાની જાતને જીદ, જનૂન અને જુસ્સા સાથે કોઈપણ લક્ષ્યને પામવા મચી પડો તમારી સફળતાનો ઈતિહાસ આપોઆપ રચાઈ જશે' આ શબ્દો ગાંધીનગરની અતિથિ બનેલી પદ્મશ્રી પર્વતારોહણ અરૂણિમા સિંઘના છે.

કૃત્રિમ પગ સાથે અતિ કઠીન ગણાતા માઉન્ટ એવરેસ્ટને બાવન દિવસમાં પૂર્ણ કરનાર ઉત્તરપ્રદેશની ૨૯ વર્ષીય અરૂણિમા આજે ગાંધીનગરમાં પોતાની પુસ્તક વિમોચન પ્રસંગે ગાંધીનગરની અતિથિ બની હતી. ગાંધીનગરમાં આવેલી અરૂણિમા ગાંધીનગરના નાગરિકોના આવકાર સ્વાગત વિકાસ જોઈ અભિભૂત થઈ ગઈ હતી.



ઉત્તરપ્રદેશના આંબેડકર નગરમાં રહેતી અરૂણિમા સિંઘ વર્ષ ૨૦૧૧માં લખનઉથી દિલ્હી પદ્માવતી એક્સપ્રેસમાં સફર કરી રહી હતી. આ દરમિયાન કેટલાક ચોરોએ આ યુવતીને ચાલુ ટ્રેનથી નીચે ફેંકી દિધી હતી. આથી ગંભીર ઈજાઓનો ભોગ બનેલી અરૂણિમાએ પોતાનો એક પગ ગુમાવવો પડ્યો હતો. પથારીવસ બનેલી લાચાર અરૂણિમાં સાથે ગટેલી આ ઘટનાથી અનેક આલોચકોએ મનફાવે તેવી આલોચના કરી હતી. બસ આજ આલોચનાને પોતાના જીવનનું લક્ષ્ય બનાવી આજે દેશભરમાં યુવા મહિલાની પ્રેરણા બની ગઈ છે.

પથારીવસ અરૂણિમાએ છાપામાં પર્વતારોહણ અંગેના એક નાનકડા સમાચાર વાંચ્યા ને બસ એ જ સમાચારે તેનુ જીવન બદલી નાખ્યુ હતુ. થોડા દિવસો પહેલા જ ટ્રેન અકસ્માતમાં પોતાનો પગ ખોઈ બેઠેલી અરૂણિમાએ એવરેસ્ટ સર કરવાની જીદ પકડી તો પરિવારજનો અને મિત્રોએ તેને પાગલપન ગણાવી સતત અવગણના કરી હતી. પરંતુ પથારીવસ બનેલી બહેનની વાત ભાઈ બરોબર સમજી ગયો અને પોતાની સીઆરપીએફની નોકરી છોડી બહેનની આશા પૂર્ણ કરવા મચી પડ્યો હતો. અનેક અડચણો અનેક આલોચન, અનેક ટીકા વચ્ચે પણ એક પગ ન હોવા છતાં પણ તેનો વિશ્વાસ ડગ્યો નહી. તેણીએ સખત અને સતત મહેનતનો પરચો દુનિયાને દેખાડી દીધો હતો અને અનેક મુશ્કેલીઓનો સામનો કરી પોતાના કૃત્રિમ પગ સાથે બાવન દિવસમાં માઉન્ટ એવરેસ્ટ સર કરી ભારત દેશનો તિરંગો લહેરાવ્યો હતો.

માઉન્ટ એવરેસ્ટની ચોટી પર પહોંચનાર અરૂણિમાએ સૌ પ્રથમ પોતાના આલોચકને યાદ કરી તેમને થેન્કસ કર્યુ હતુ. કારણ કે જે આલોચકોએ તેની ભારે આલોચના કરી હતી. બસ એ આલોચકોને દેખાડી દિધુ હતુ કે જીવનમાં કોઈ કામ અશક્ય નથી. અરૂણિમાની આજ જીદના કારણે તેમને દુનિયાભરમાં ખુબ નામના અપાવી છે.

૨૯ વર્ષીય અરૂણિમા પર્વતારોહણ અને રમતગમતની પ્રવૃત્તિ ઉપરાંત ઉત્તરપ્રદેશમાં 'હિપેટાઈટીસ-બી'નો ભોગ બનેલા નાગરિકોને

● અનુસંધાન પાના - ૭ પર

## સે. ૨૨ના ખાનગી તબીબનું સોનોગ્રાફી મશીન આરોગ્ય તંત્રએ સીલ કર્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્રએ આજે પી.સી. એન્ડ ડી.ટી. એક્ટ અન્વયે લાયસન્સ રિન્યુ નહિ કરાવનાર એક ખાનગી તબીબનું સોનોગ્રાફી મશીન સીલ કર્યુ છે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ત્રિવેદી તેમજ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. ગોસ્વામીની ટીમે આજે સેક્ટર-૨૨ સ્થિત એક ખાનગી નર્સિંગ હોમમાં રેઈડ કરી હતી. આ રેઈડ દરમ્યાન છેલ્લા બે મહિનાથી વગર લાયસન્સે સોનોગ્રાફી કરવામાં આવી રહી હોવાનું ધ્યાને આવતાં તબીબની તપાસ કરવામાં આવી હતી. તબીબે કુટુંબમાં મરણ થયુ હોવાથી રિન્યુઅલની બાબત ધ્યાન બહાર ગયુ હોવાનું જણાવ્યું હતુ.

ટીમે લાયસન્સ રિન્યુ ન થાય ત્યાં સુધી સોનોગ્રાફી સિલ કરવાનો નિર્ણય કર્યો હતો. આ પછી કર્મચારીઓનો જવાબ પણ પંચોની હાજરીમાં નોંધવામાં આવ્યા હતા તેમજ તબીબના જવાબ પણ લેવામાં આવ્યા હતા અને સોનોગ્રાફી મશીનનું સિલીંગ કરવામાં આવ્યુ હતુ.

જિલ્લામાં અગાઉ પણ સોનોગ્રાફીના મશીનો સીલ કરવામાં આવ્યા હતા. આ વર્ષે આ પ્રથમ મશીન સીલ કરવામાં આવતાં તબીબી જગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

## ગિયોડ પાટિયા નજીક અજાણ્યા વાહનની ટકકરથી મહિલાનું મોત

ચિલોડા, તા.૨૦

ગાંધીનગર તાલુકાના ચિલોડા હિંમતનગર હાઈવે માર્ગ પર મીની અંબાજી ગિયોડ મંદિર ખાતે સાફ સફાઈનું કામ કરતી ૪૫ વર્ષીય મહિલા વહેલી સવારે પોતાના ઘરેથી મંદિરે જવા માટે નિત્યક્રમ મુજબ નીકળી હતી તે સમયે ગિયોડ પાટીયા નજીક હાઈવે પર બેફામ ગતિએ જઈ રહેલા અજાણ્યા વાહને ગિયોડા ગામ ખાતે રહેતા ઉષાબેન મહેશભાઈ સોલંકી (ઉ.વ. ૪૫)ને ટકકર મારતાં ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું કરુણ મોત નિપજયું હતું. આ અકસ્માત અંગે ચિલોડા પોલિસે મૃતકના પુત્ર કરણભાઈ મહેશભાઈ સોલંકીની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક સામે ગુન્હો નોંધી અકસ્માત અંગે વધુ તપાસ પીએસઆઈ પી.વી. રમલાવતે શરુ કરી છે.

